એકમ 14

# ગુજરાતનો વેપાર

## રૂપરેખા

14.0 ઉદ્દેશો
14.1 પ્રસ્તાવના
14.2 ગુજરાતના વેપારનું કદ, બંધારણ અને દિશા
14.3 ગુજરાત સરકારની વેપારનીતિ
14.4 સારાંશ
14.5 ચાવીરૂપ શબ્દો
14.6 તમારી પ્રગતિ ચકાસો
14.7 સંદર્ભ વાચન
★ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 14.0 ઉદ્દેશો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે

- ગુજરાતના વેપારના વિવિધ પાસાઓનો પરિચય મેળવી શકશો.
- ગુજરાતના પ્રદેશ (રાજ્યની) મુખ્ય આયાતો અને નિકાસો વિશે માર્ગદર્શન મેળવી શકશો.
- ગુજરાતમાં વેપારને અસર કરતાં પરિબળો નોંધી શકશો.
- ગુજરાત સરકારની વેપારનીતિની માહિતી મેળવી શકશો.

## 14.1 પ્રસ્તાવના :

કોઈપણ અર્થતંત્ર માટે કોઈપણ આર્થિક પ્રવૃત્તિ માટે વેપાર અનિવાર્ય છે. વેપાર એટલે સામાન્ય ભાષામાં કહીએ તો વિનિમય કારણ કે કુદરત દ્વારા બધા જ પ્રદેશોને એક સમાન પ્રમાણમાં અર્માદિત અને જરૂરિયાત પ્રમાણે સંસાધનો આપેલાં નથી. કોઈ પ્રદેશમાં ખનિજસંપતિ વિપુલ પ્રમાણમાં હોય પરંતુ ખેતીને અનુકુળ જમીન કે વાતાવરણ ન હોય તો ખનિજના બદલામાં અનાજનો વેપાર થાય છે. આ બાબત પરિવારો અને વ્યક્તિને પણ લાગુ પડે છે. પરિવાર કુટુંબ કે વ્યક્તિ કોઇ એક આર્થિક ક્રિયા કરે છે અને અન્ય જરૂરિયાત પૂરી કરવા માટે બીજા પાસેથી વસ્તુઓ અને સેવાઓ ખરીદે છે.

ગુજરાત પ્રદેશની વાત કરીએ તો, તમે જાણો છો કે ગુજરાતની ભૂગોળ વિવિધતાથી ભરેલી છે. દરિયો છે, ક્યાંક જંગલો છે અને કોઈ જગ્યાએ રણ પણ છે.

સદીઓ પહેલાં ગુજરાતના જે ભાગમાં ચોખાની ખેતી થતી હતી ત્યાં આજે રણપ્રદેશ છે. છેલ્લી સદીની વાત કરીએ તો સમયાંતરે આવતા ભૂકંપો, વાવાઝોડાં, રણપ્રદેશનો વિસ્તાર થવો વગેરે જેવાં કારણોથી ગુજરાતના કેટલાક પ્રદેશોમાં આર્થિક વિકાસ થયો ન હતો. ત્યાંની પ્રજા આ કારણોસર વેપાર અર્થે દરિયાઈ માર્ગે વિદેશો સાથે સંબંધ રાખતી થઈ. ગુજરાતના અન્ય કેટલાક પ્રદેશોમાં કૃષિ અને ઔદ્યોગિક વિકાસ થયેલો છે. ગુજરાતના કયા પ્રદેશોમાં ખેતી અને ઉદ્યોગોનો વિકાસ થયેલો છે તે તમે અગાઉનાં એકમોમાંથી જાણ્યું તમે એ વાતથી પરિચિત હશો જ કે ગુજરાતની પ્રજા મૂળભૂત રીતે વેપારી પ્રજા કહેવાય છે. આજે ભારતનાં લગભગ બધાં જ રાજ્યોમાં અને વિશ્વના બધાંજ દેશોમાં ગુજરાતની પ્રજા વેપાર અર્થે ગયેલી છે અને ત્યાં વસવાટ કર્યો છે. હળવાશમાં એવું પણ કહેવાય છે કે ચંદ્ર કે મંગળ ગ્રહ ઉપર જો મનુષ્ય વસવાટ કરશે તો ત્યાં સૌ પહેલી દુકાન ગુજરાતીની હશે. આમ, જયારે ગુજરાતનાં અર્થતંત્રની વાત કરીએ ત્યારે ગુજરાતના વેપાર ક્ષેત્રને અવગણી શકાય નહીં. મહાભારત, હરિવંશ પુરાણ કૌટિલ્યનું અર્થશાસ્ત્ર વગેરેમાં ગુજરાતનો સુમેર, ઈજિપ્ત, રોમ, ઈરાન, લંકા, ઈસ્ટ આફ્રિકા, ચીન, જાવા, સુમાત્રા વગેરે જેવા દેશો સાથેના વેપાર સંબંધોના સંદર્ભો મળે છે. જેમાં ગુજરાતના વિકસિત બંદરોનો પણ ઉલ્લેખ છે. ગુજરાતમાં બનેલાં વહાણો વિશ્વભરમાં પ્રસિદ્ધ હતાં, જે બાબત ગુજરાતનો સમૃદ્ધ અને સુવિકસિત વ્યાપારિક પાસાંનો પરિચય આપે છે. આધુનિક સમયમાં પણ ગુજરાતનો વેપાર અર્થતંત્રના અન્ય ક્ષેત્રોનાં વિકાસમાં મુખ્ય આધારરૂપ બન્યો છે. આ પ્રકરણમાં આપણે ગુજરાતના વેપારનો એટલે કે ગુજરાતની મુખ્ય આયાતો અને નિકાસો, વેપાર વિકાસની સંભાવનાઓ તથા ગુજરાત સરકારની વેપાર સંબંધિત નીતિનો પરિચય મેળવીશું.

## 14.2 ગુજરાતના વેપારનું કદ, બંધારણ અને દિશા :

ગુજરાત રાજ્યનું કુલ ઘરેલું ઉત્પાદન( સ્ટેટ ડૉમેસ્ટીક પ્રોડક્ટ) 2011-12 થી 2019-20ના ગાળા દરમ્યાન 17.1 બિલિયન ડૉલર વધ્યું છે. જે ડોલર ટર્નમાં US $ 243.45 બિલિયન ડોલરનો વધારો દર્શાવે છે.

કોષ્ટક-1 ગુજરાત રાજ્યનું ઘરેલુ ઉત્પાદન

| વર્ષ | GSDP રુપિયામાં કરોડમાં |
|---:|---:|
| 2014-15 | 718510 |
| 2015-16 | 792635 |
| 2016-17 | 866298 |
| 2017-18 | 957910 |
| 2018-19 | 1025837 |

સ્રોત :સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય 2019-20.

કોષ્ટક જોતાં જણાય છે કે રાજ્યનાં કુલ ઘરેલુ ઉત્પાદનમાં ઉતાર-ચઢાવ આવતા રહ્યા છે, પરંતુ મોટા ભાગે વૃધ્ધિ દર 10% થી વધી રહ્યો છે. આ બધું રાજ્યની કૃષિ, ઉદ્યોગો તેમજ સેવાક્ષેત્રની આર્થિક પ્રવૃત્તિઓને આભારી છે. પણ આપણે જાણીએ છીએ

તેમ કુદરતે બધા જ પ્રદેશોને બધાં જ સાધનો આપ્યાં નથી હોતા. વેપાર વિનિમયથી જરૂરી ઉત્પાદન સાધનો મેળવીને જ આર્થિક પ્રવૃત્તિઓ કોઈ પણ અર્થતંત્ર દ્વારા હાથ ધરી શકાય.

વ્યાપાર સાથે જોડાયેલા પ્રદેશો માંથી કેટલીક વસ્તુઓની નિકાસ થાય છે, જેમાંથી તે પ્રદેશને નિકાસ આવક મળે છે; તો અન્ય કેટલીક વસ્તુઓની આયાત પણ કરવામાં આવે છે. જે તે પ્રદેશની આર્થિક પ્રવૃત્તિઓનાં પ્રમાણ, ગતિ અને વૃદ્ધિ માટે કારણરૂપ બને છે. આ આયાતો માટે ચૂકવણું પણ કરવાનું હોય છે. આથી જો કોઈ પ્રદેશ તેની આયાતો નિયમિત રીતે જાળવી શકે તો સ્વસ્થ અને વિકાસશીલ અર્થતંત્રનો સંકેત આપે છે. ગુજરાત રાજ્ય માટે પણ તેની આયાતો અને નિકાસો મહત્વની ભૂમિકા ભજવે છે. આ વિભાગમાં આપણે ગુજરાતની આયાતો અને નિકાસો વિશે તેનાં પ્રમાણ (કઈ આયાત અને નિકાસ થતી વસ્તુઓની વિવિધતા (બંધારણ) અને કયા દેશો સાથે વેપાર સંબંધો છે (દિશા) તે વિગતો જોઈએ, તે પહેલાં વેપારનું કદ, બંધારણ અને દિશા એટલે શું ?તે સમજીએ.

- વેપારનું કદ :

વેપારનું કદ (Volume) એટલે વેપારનું કુલ પ્રમાણ. કેટલી આયાતો અને નિકાસો થાય છે તેનું કુલ પ્રમાણ, જે દેશ કે પ્રદેશ બહોળી આર્થિક પ્રવૃત્તિઓ ધરાવતો હોય તેની આયાતો અને નિકાસોનું પ્રમાણ વધારે હોય છે. સ્થાનિક જરૂરિયાત કરતાં સ્થાનિક ઉત્પાદન વધારે હોય ત્યારે નિકાસોનું કુલ પ્રમાણ વધુ છે, તે ઉપરાંત ચાવીરૂપ સ્થાને આવેલ પ્રદેશમાંથી પણ નિકાસો વધે છે. જેમ કે ગુજરાતનાં પોતાનાં ઉત્પાદનની નિકાસો તેમ જ બંદરીય વિસ્તાર હોવાને કારણે અન્ય રાજ્યોની નિકાસોનાં માધ્યમ તરીકે પણ ગુજરાત રહે છે. આમ, ગુજરાતનું નિકાસોનું કદ મોટું છે તેમ કહી શકાય.

તેવી જ રીતે જે પ્રદેશમાં બહોળા પ્રમાણમાં આર્થિક પ્રવૃત્તિઓ થતી હોય ત્યાં કાચો માલ, મશીનરી વગેરેની આયાતોનું પ્રમાણ પણ વધુ હોય છે. ગુજરાતમાં આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થયો હોવાથી આયાતોનું કદ પણ વધારે રહેતું હોય છે. વેપારનું કદ એટલે કે આયાતો અને નિકાસોનું પ્રમાણ નાણાંના માધ્યમથી દર્શાવવામાં આવે છે. જેમ કે રૂપિયા, ડોલર વગેરે.

- વેપારનું બંધારણ :

વેપારનું બંધારણ (Composition) એટલે આયાત અને નિકાસમાં સમાવિષ્ટ થતી વસ્તુઓ. કોઇ પ્રદેશના વેપારનાં બંધારણનો અભયાસ કરવો એટલે કે તે પ્રદેશમાં કઇ કઇ વસ્તુઓની આયાત થાય છે અને કઇ કઇ વસ્તુઓની તે પ્રદેશમાંથી નિકાસ થાય છે તેનો અભ્યાસ કરવો. ગુજરાતમાં વૈવિધ્યસભર ઉત્પાદનો થતાં હોવાથી વેપારની વસ્તુઓમાં પણ વૈવિધ્ય રહેલું છે. એટલે કે માત્ર અમુક જ વસ્તુઓની આયાત કે નિકાસ નથી થતી પરંતુ અનેક જુદી જુદી વસ્તુઓની આયાત અને નિકાસ થાય છે.

- વેપારની દિશા :

વેપારની દિશા એટલે કોઇ પણ પ્રદેશ કયા કયા અન્ય દેશો કે પ્રદેશ સાથે વેપાર સાથે જોડાયેલો છે તેનો અભ્યાસ કરવો.

14.2.1 નિકાસોના સંદર્ભમાં કદ, બંધારણ અને દિશા :

વેપારનું કદ એટલે આયાતો અને નિકાસોનું પ્રમાણ આ પ્રમાણ હિસાબી સરળતા માટે નાણાંના માપદંડથી માપવામાં આવે છે. તેમજ જો આંતરરાષ્ટ્રીય સ્તરે તુલનાત્મક અભ્યાસ કરવાનો થાય તો વેપારનું કદ આંતરરાષ્ટ્રીય ચલણ ડોલરમાં પણ પ્રસ્તુત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય વેપારમાં વસ્તુઓ અને સેવાઓનો વેપાર કરવામાં આવે છે. ભૌતિક વસ્તુઓ ઉપરાંત શિક્ષણ, પ્રવાસન કન્સલટન્સી વગેરે જેવી સેવાઓનો પણ વેપાર થતો હોય છે. જો કે આ બધી બાબતોની સેવાક્ષેત્રે અંતર્ગત ચર્ચા કરવામાં આવતી હોવાથી અહીં આ એકમમાં આપણું ક્ષેત્ર ભૌતિક વસ્તુઓના વેપાર સુધી મર્યાદિત રાખીએ છીએ.

- નિકાસની વસ્તુઓનું બંધારણ:

ગુજરાત વેપાર વ્યવસાયનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. એવી કેટલીયે વસ્તુઓ છે કે જેમાં ગુજરાત માત્ર ભારતમાં જ નહિં પરંતુ સમગ્ર વિશ્વમાં અગ્રેસર છે. જેમ કે વિશ્વના કુલ હીરા ઉત્પાદન માંથી 72% જેટલા પ્રોસેસ કરેલા હીરા ગુજરાતમાં ઉત્પન્ન થાય છે. જયારે ભારતના 80% જેટલા હીરાની નિકાસ ગુજરાત માંથી થાય છે. તેવી જ રીતે ડેનિમનાં ઉત્પાદનમાં ભારતમાં ગુજરાત સૌથી વધુ હિસ્સો ધરાવે છે. જે વિશ્વનાં કુલ ડેનિમ ઉત્પાદનનાં 65 થી 70% જેટલો થાય છે. દેશની કુલ નિકાસના 20% ના હિસ્સા સાથે ગુજરાત નિકાસની બાબતમાં મોખરે રહ્યું છે.

NITI આયોગના અહેવાલ પ્રમાણે વર્ષ 2018-19નાં વર્ષ દરમ્યાન રાજયની કુલ નિકાસો 67,401 યુ.એસ. મિલિયન ડોલરની રહેવા પામી હતી, જે એપ્રિલથી સપ્ટેમ્બરના માત્ર છ માસના ગાળા દરમ્યાન જ 33,176 મિલિયન યુ.એસ. ડોલરની થઈ હતી. ગુજરાતમાં પશ્ચિમ ભારતનું મુખ્ય બંદર કંડલા આવેલું છે. તે ઉપરાંત 11 જેટલાં મધ્યવર્તી બંદરો પણ દરિયા કિનારે આવેલાં છે. આ કારણોસર ગુજરાત માંથી ભારતના અન્ય પ્રદેશોની વસ્તુઓ પણ નિકાસ થાય છે, તો કયારેક ભારત સિવાયના અન્ય દેશો વચ્ચેના વેપારમાં પણ ગુજરાતનાં દરિયાઈ બંદરો માધ્યમ બનતાં હોય છે.

ગુજરાતની કુલ નિકાસોમાં વર્ષ 2017-18 દરમ્યાન કુલ 22% જેટલો વધારો અગાઉનાં વર્ષોની તુલનામાં નોંધાયો હતો. વર્ષ પ્રમાણે ગુજરાતની કુલ નિકાસો જોઈએ તો :

કોષ્ટક-2 ગુજરાતની નિકાસો

| વર્ષ | નિકાસોનું મૂલ્ય (billion US $) | વધારો કે ઘટાડો |
|---|---|---|
| 2016-17 | 54 | - |
| 2017-18 | 66 | +22% |
| 2018-19 | 67.40% | +2% |

સ્રોત :સામાજિક આર્થિક સમીક્ષા ગુજરાત રાજ્ય 2019-20.

2018-19 માં મુખ્ય કૃષિ પેદાશોની નિકાસો 3.59billion US $ થવા પામી હતી.

નવેમ્બર 2018ની માહિતી પ્રમાણે ગુજરાતમાં 3.77મિલિયન ટન પેટ્રોલિયમ ઉત્પાદન કરવામાં આવ્યું હતું, જેમાંથી 25,184.83 મિલિયન US $નાં પેટ્રોલિયમની નિકાસ કરવામાં આવી હતી. જે કુલ નિકાસોના 37.69% જેટલી થાય છે. ભારતમાંથી નિકાસ થતી કુલ દવાઓના 28% ગુજરાત માંથી નિકાસ થાય છે. ગુજરાત ભારતનું

પ્રથમ નંબરનું દવા ઉત્પાદન છે. ગુજરાતમાં ઉત્પન્ન થતી અને નિકાસ થતી અન્ય મુખ્ય વસ્તુઓ જોઈએ તો હીરા અને ઝવેરાતો, એન્જિનીયરીંગ ગુડઝ, રસાયણો, ખાદ્યપદાર્થો, કૃષિ પેદાશો, આયુર્વેદિક તેમજ અન્ય દવાઓ, જંતુનાશકો, દરિયાઈ પેદાશો, ચોખા, ઘઉં, સિમેન્ટ, સિરામિક ટાઈલ્સ, ઔદ્યોગિક ક્ષાર, બેન્ટોનાઈટ કવાર્ટઝ, કાપડ અને તૈયાર વસ્ત્રો, જંગલ પેદાશો જેવી વિશાળ વૈવિધ્ય ધરાવતી વસ્તુઓ ગુજરાત માંથી નિકાસ કરવામાં આવે છે.

- નિકાસની દિશા :

અમદાવાદ ડ્રાય પોર્ટથી હવાઈમાર્ગે થતી નિકાસોમાં ફ્રોઝનફૂડ બોલપેનની ટીપ્સ, હર્બલ ટી, દવાઓ, સિન્થેટીક, રબર, રેફ્રિજરેટર ઈક્વિપમેન્ટસની મુખ્યત્વે નિકાસ થાય છે.

ગુજરાતમાંથી થતી નિકાસોની દિશા જોઈએ તો શ્રીલંકા, બાંગલાદેશ,પાકિસ્તાન, નેપાળ જેવા દક્ષિણ એશિયાના દેશો ઉપરાંત UAE, બ્રાઝિલ, સિંગાપોર, ઈરાન, કેન્યા ફિલિપાઈન્સ,ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા, US, UK, રશિયા, ચીન જેવા દેશોમાં થાય છે. ગુજરાતની સૌથી વધુ નિકાસ યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાને વધારે થાય છે.

ભારતમાં ઉત્પન્ન થતા સોડા એશના કુલ 91% જેટલું ઉત્પાદન ગુજરાત કરે છે. જે ભારતની કુલ જરૂરિયાત 66% જેટલી પૂર્તિ કરે છે.

14.2.2 આયાતોના સંદર્ભમાં કદ, બંધારણ અને દિશાઃ

ગુજરાતમાં મુખ્યત્વે ન્યૂઝ, પ્રિન્ટ, મોબાઈલ અને તેના વિભાગો પોલિયમર્સ, એલોય સ્ટીલ પ્લેટસ, કાર્બન સ્ટીલ, એલોય સ્ટીલ પ્લેટ્સ, સેલ્ફ એડહેસિવ લેબલ્સ, ડોકયુમેન્ટેશન અને ડ્રોઈંગ ગુડ્સ પેપર બોર્ડ જેવી વસ્તુઓની આયાત કરવામાં આવે છે.


ગુજરાતનાં બંદરો પર UAE, UK, US, ઈટાલી, મલેશિયા, રિપબ્લિક ઑફ કોરિયા, જાપાન, ચીન, જર્મની, સ્વીટઝલેન્ડ વગેરે દેશોમાંથી આયાત થાય છે.

ગુજરાતનાં દરિયાઈ તેમજ ડ્રાય પોર્ટ પર આયાતો થાય છે. ગુજરાતનાં બંદરો મધ્યવર્તી બંદરો પણ છે. આથી ગુજરાતમાં પોર્ટ આયાતો થતો માલ માત્ર ગુજરાત જ નહિ પરંતુ સમગ્ર દેશ માટે આયાત થાય છે. ગુજરાતમાં જુદા જુદા સમયે કેટલુંક કાર્ગો હેન્ડલિંગ ગુજરાતનાં પોર્ટ પરથી થાય છે, જયારે ભારતના કુલ પોર્ટ ટ્રાફિકનો 40% હિસ્સો ગુજરાતનો છે. ગુજરાતના મધ્યવર્તી અને માઈનોર પોર્ટ પરનું કુલ કાર્ગો હેન્ડલિંગ 2016-17નાં વર્ષમાં 345.7 મિલિયન ટન જેટલું હતું. કંડલા મેજર પોર્ટ (દીનદયાલ પોર્ટ) પરનો કુલ આયાત ટ્રાફિક વર્ષ 2015-16માં 238.8 મિલિયન ટન રહેવા પામ્યો હતો.


કોષ્ટક-3 કુલ કાર્ગો હેન્ડલિંગ એટ કંડલા પોર્ટ (લાખ ટન)

| વર્ષ | આયાત | નિકાસ |
|---:|---:|---:|
| 2014-15 | 695.56 | 227.59 |
| 2015-16 | 788.73 | 209.02 |
| 2016-17 | 812.22 | 238.51 |
| 2017-18 | 811.41 | 284.06 |
| 2018-19 | 847.69 | 301.25 |

Source : Socio- Economic Review 2019-2020, Gujarat State




Source : Socio- Economic Review 2019-2020, Gujarat State




Source : Socio- Economic Review 2019-2020, Gujarat State

- સમીક્ષા : ગુજરાતની આયાતો અને નિકાસોનાં કદ, બંધારણ અને દિશાનો અભ્યાસ કરતાં જણાય છે કે ગુજરાતનો વેપાર બહુવિધ છે. ભારત સ્વતંત્ર થયું તે સમયે ભારતના વિશ્વ સાથેના કુલ વેપારમાં ઈગ્લેન્ડ મુખ્ય સહભાગી હતું. પરંતુ હવે અમુક જ દેશો પૂરતો વેપાર સીમિત ન રહેતાં વિશ્વનાં લગભગ બધા ખંડના દેશો સાથે વેપાર થઈ રહ્યો છે. વળી, આ વેપારમાં સામેલ થતી વસ્તુઓમાં પણ વૈવિધ્ય રહેલું છે. જે વેપારનું મજબૂત પાસું બને છે. ગુજરાતની દરિયાઈ બંદરો જેવી પ્રાકૃતિક સુવિધાઓ તથા ડ્રાય પોર્ટના કરવામાં આવેલા વિકાસથી ગુજરાત ભારતના કુલ વેપારમાં મુખ્ય ભૂમિકાએ રહ્યું છે. વળી ગુજરાતમાં થતાં કાર્ગો હેન્ડલિંગના આંકડા જોતાં કહી શકાય કે ગુજરાતમાં ભારતની પશ્ચિમ બાજુનું મુખ્ય બંદર વિકસાવવાનો જે નિર્ણય લેવાયો હતો તે યોગ્ય જ હતો અને ગુજરાતનાં કંડલા તેમજ અન્ય બંદરો તે પ્રકારની સેવા પ્રદાન કરવામાં સક્ષમ સાબિત થયાં છે.

## 14.3 ગુજરાતમાં વેપારને અસર કરતાં પરિબળો અને સંભાવનાઓ :

ગુજરાતનો વેપાર સફળ થયો છે અને તે આસપાસનાં રાજ્યો માટે પણ વેપારનું કેન્દ્ર બન્યું છે, તે કેટલાંક પરિબળોને આભારી છે. આ પરિબળો ભૌગોલિક, ઐતિહાસિક, રાજનૈતિક તેમજ જનસાંખ્યિક એમ દરેક પ્રકારનાં છે. આ વિભાગમાં આપણે ગુજરાતના વેપારને અસર કરતાં પરિબળોનો અભ્યાસ કરીએ, જેથી આ પરિબળોને ઓળખીને તેના લાભો મહત્તમ કરી શકાય તેમજ મર્યાદાઓ ઓછી કરી શકાય.

1. ભૌગોલિક પરિબળો :

ગુજરાત પ્રદેશને ભારતનો સૌથી લાંબો દરિયાકિનારો મળેલ છે. ભારતના કુલ દરિયાકિનારાના 24% જેટલો એટલે કે 1600km લાંબો દરિયાકિનારો મળેલો છે. આ કિનારા પર કુલ 41 જેટલાં દરિયાઈ બંદરોનો વિકાસ થઈ શક્યો છે. 41 માંથી 1 મેજર પોર્ટ કંડલા, 11 મધ્યવર્તી (Intermediate) બંદરો તથા 29 માઈનોર પોર્ટસનો વિકાસ કરવામાં આવેલો છે. આ બંદરોને કારણે ગુજરાત આંતરરાષ્ટ્રીય વેપારનું કેન્દ્ર બની શકયું છે. આ દરિયા કિનારે બંદરીય વિકાસ કહી શકાય તેવા અખાતી વિસ્તારોએ પણ વેપાર વિકાસમાં તેમનો ફાળો આપ્યો છે.

ગુજરાતની જમીન પણ વિવિધતાભરી છે. ફળદ્રુપતા અને કુદરતી તત્ત્વોમાં વૈવિધ્યને કારણે તેલીબિયાં, ઔષધિઓ, શાકભાજી, ફળો, પશુચારો, રોકડિયા પાકો વગેરેનું ઉત્પાદન અને વેચાણ શક્ય બન્યું છે.

2. ઐતિહાસિક પરિબળો :

કંડલા પોર્ટને મેજર પોર્ટ તરીકે વિકસાવવાનો નિર્ણય કરવામાં આવ્યો અને કચ્છના મહારાજાઓશ્રી ખેંગારજીની -દૂરદર્શિતાએ રાષ્ટ્રહિતમાં સહાય બનીને 1950માં કંડલાને પશ્ચિમ ખાતાનું મુખ્ય મથક બંદર તરીકે સ્થાપિત કર્યું. આ પહેલાં કરાચી પશ્ચિમ ભારતનું મુખ્ય દરિયાઈ બંદર હતું, પરંતુ ભારત પાકિસ્તાન વિભાજનથી કરાચી પાકિસ્તાનમાં જવાથી ભારતમાં વેપારનો આધાર બનીને દરિયાઈ વેપાર કરી શકાય તેવાં બંદરોની જરૂર પડી આમ, ઐતિહાસિક પરિબળોને કારણે ગુજરાતમાં દરિયાઈ બંદરીય વિકાસની તકો સાંપડી જેણે આંતરિક તેમજ આંતરરાષ્ટ્રીય વેપારનાં કેન્દ્ર તરીકે વિકસીને વેપારને પ્રાત્સાહન આપ્યું.

3. ઉત્પાદન વૈવિધ્ય :

ગુજરાતમાં પરંપરાગત કૃષિ ઉત્પાદનો તેમજ કૃષિ આધારિત ઉદ્યોગો જેવા કે કોર્ટન તથા કોર્ટન કાપડનો ઉદ્યોગ, તેલમિલો, લાંબા સમય સુધી સાચવી શકાય તેવા નાસ્તાઓ તેમજ ફ્રુડ પ્રોસેસિંગ ઉદ્યોગ, દૂધ અને ડેરી ઉત્પાદનનો ઉપયોગ, પશુપાલન જેવી આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ થયો છે. ગુજરાતમાં હસ્તકલા ઉદ્યોગ, જેમ એન્ડ જવેલરી ઉદ્યોગ વગેરેનો પણ વિકાસ થયો છે. વિશ્વના કુલ 10માંથી 8 હીરાઓનું પ્રોસેસિંગ સુરત અને ગુજરાતમાં થાય છે. વર્ષ 2018ની આંકડાકીય માહિતી અનુસાર વિશ્વના કુલ દૂધ ઉત્પાદનના ૫૫ ટકા જેટલું દૂધ ગુજરાતમાં ઉત્પન્ન થાય છે. આમ, ગુજરાતમાં ઉત્પાદન વૈવિધ્ય હોવાથી નિકાસ વેપારને ઘણું જ બળ મળે છે.

4. ગુજરાતની જનસાંખ્યિકી અને પ્રજાની સાહસિકતા :

ગુજરાતની જનસાંખ્યિકી પણ ગુજરાતને વેપાર વિકાસ માટે સફળ બનવવામાં પોતાનો મહત્ત્વનો ફાળો આપે છે. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસ્તી 6.038 કરોડની છે. જેનો સાક્ષરતા દર 78.03 ટકા છે. આમ, શિક્ષિત વસ્તીનું વધુ પ્રમાણ ગુજરાતને વેપાર તેમજ વહીવટી બાબતોમાં કુશળ માનવબળ પૂરું પાડે છે. ગુજરાતમાં શિક્ષણની જુદી જુદી વિદ્યાશાખાઓનો ઘણો જ સારો વિકાસ થયો છે.ગુજરાત સરકારના પ્રયત્નો પ્રમાણે ગુજરાતના દરેક જિલ્લાઓમાં શાળા, કોલેજો તથા યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. જેમાં પરંપરાગત શિક્ષણ ઉપરાંત મુક્ત વિશ્વવિદ્યાલય, કૃષિ યુનિવર્સિટી, સ્પોર્ટસ યુનિવર્સિટી, ફોરેન્સીસ સાયન્સ, રક્ષાશક્તિ યુનિવર્સિટી વગેરે જેવી વિશિષ્ટ શિક્ષણ સંસ્થાઓનો પણ વિકાસ કરવામાં આવ્યો છે. વળી, પ્રજા પાસે માત્ર શૈક્ષણિક લાયકાત નહિ પરંતુ વેપાર અંગેનું પરંપરાગત જ્ઞાન, સાહસિક વૃત્તિ તથા જોખમ ખેડવાની ક્ષમતા જેવા ગુણો પણ છે. કચ્છમાં માંડવી બંદરનો વિકાસ વહાણો અને કાચ બનાવવાના ઉદ્યોગો વગેરે ઐતિહાસિક દસ્તાવેજ સાચવી કુદરતી આપત્તિઓ સામે લડીને ઉપલબ્ધ સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાની કુનેહ પણ છે.

5. રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિ :

વેપારનો વિકાસ રાજ્યની આવક માટે મહત્ત્વનો સ્તોત બને છે તે ઉપરાંત પ્રદેશની આવક તથા પ્રજા કલ્યાણમાં પણ ફાળો આપે છે. ગુજરાત કૌશલ્ય જેવા ગુણોને સહાયક બળ પુરું પાડે છે. આ પ્રકારનું પ્રાત્સાહન વાતાવરણ કેન્દ્ર સરકાર તેમજ રાજ્યસરકાર બંને દ્વારા પૂરું પાડવામાં આવે છે. Special Economic Zone (SEZ) ની સ્થાપના વ્યાપાર મેળાઓનું આયોજન હસ્તકલા ઉત્પાદનનાં વેચાણ માટે પ્રદર્શનોનું આયોજન, તાલીમ ખેત ઉત્પાદન માટે જમીનનું સર્વેક્ષણ, ધિરાણ, સહાય, ટેકનિકલ સહાય, આંતર માળખાકીય સગવડો જેવી કે વીજળી, રસ્તાઓ, પાણી, દરિયાઈ, જમીન પરનાં અને હવાઈ પોર્ટનો વિકાસ વગેરે જેવાં પગલાંઓથી વેપારનો વિકાસ થાય છે.

6. આંતરમાળખાકીય સગવડો :

ગુજરાત રાજ્યમાં કેટલીક પ્રાકૃતિક તેમજ કેટલીક માનવનિર્મિત આંતરમાળખાકીય સુવિધાઓને કારણે વેપારના વિકાસને વેગ મળ્યો છે. જેમ કે કચ્છમાં ખંભાત, કુંડલા, મુન્દ્રા વગેરે સ્થળોએ તે ઉપરાંત અન્ય બંદરોના વિકાસને લાયક એવો દરિયાઇ વિસ્તાર એ કુદરતી આંતરમાળખાકીય સુવિધા કહી શકાય. કારણ કે વહાણોને લાંગરી શકાય તે પ્રકારનું ઊંડાણ, કિનારા સાથે જોડાયેલો દરિયાઈ પ્રદેશ, જમીન અને દરિયાને જોડતો સાંકડો પ્રદેશ વગેરેનો કારણે બંદરીય વિકાસ થઈ શકે તેવાં લક્ષણો છે. વળી, કુદરતની આ દેનનાં ઉપયોગ સારી રીતે અને મહત્તમ થઈ શકે તે માટે આંતરિક રસ્તાઓ રેલ્વે, ડ્રાય પોર્ટનો વિકાસ તથા તેને આનુષંગિક સેવાઓનો વિકાસ વગેરેને કારણે ગુજરાત દરિયાઈ રસ્તે થતા વેપારને પણ ઉત્તેજન મળ્યું છે.

7. શૈક્ષણિક સુવિધાઓ :

ગુજરાતમાં રાજ્ય સરકારની ઉચ્ચ વ્યાવસાયિક શિક્ષણ આપતી યુનિવર્સિટીઓ ઉપરાંત કેન્દ્રીય યુનિવર્સિટી, તથા ખાનગી યુનિવર્સિટીઓને કારણે વેપાર અંગેનાં

સૈદ્ધાંતિક શિક્ષણનું સારું માળખું તૈયાર થયેલું છે. ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણમાં વાણિજ્ય વિદ્યાશાખા પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા અન્ય વિદ્યાશાખાઓની તુલનાએ નોંધપાત્ર રીતે વધારે હોય છે, તેથી તે માટેનું શિક્ષણ આપતી કોમર્સ કોલેજ, બિજનેસ, એન્ડ મિનિસ્ટ્રેશનનું શિક્ષણ આપતી સંસ્થાઓ વગેરેનો પણ સારો વિકાસ થયો છે. વેપાર- વિનિમય, પ્રત્યાયન, માનવસંસાધન, બજરનાં પાસાંઓ, બેકિંગ, વિદેશવેપાર જેવાં વેપારનાં જુદાં જુદાં પાસાંઓનું શિક્ષણ આપતી સંખ્યા માત્ર ગુજરાત જ નહિ પણ દેશ અને વિદેશ માટે પણ તાલીમ પામેલો યુવાવર્ગ તૈયાર કરે છે.

8. નાનાં અસંગઠિત એકમોની મોટી સંખ્યા :

ગુજરાત ઘણી બધી વસ્તુઓનાં ઉત્પાદનમાં માત્ર ભારત કે એશિયા જ નહિ પરંતુ વિશ્વભરમાં મોખરે છે. જેમકે ડેનિમ, રેડીમેડ ગારમેન્ટ, જવેલરી, હસ્તકલાની અન્ય વસ્તુઓ, ફૂડ પ્રોસેસિંગ વગેરે આ વસ્તુઓના ઉત્પાદન એકમો નાનાં અને અસંગઠિત હોવાથી તેમની નાણાંકીય ક્ષમતા , જોખમ ઉઠાવવાની ક્ષમતા, માર્કેટિંગ માટેનો વ્યાપ અને સાધનો, આંતરરાષ્ટ્રીય બજાર સાથેના સંપર્કો વગેરે ઓછા હોય છે. આ કારણોસર વેપારની અને ખાસ કરીને નિકાસ આવક કમાવાની ઘણી બધી તકો જતી કરવી પડતી હોય છે.

9. શહેરીકરણને કારણે વેપાર માટે સહાયક પ્રસાર અસર :

આની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની 42.6 ટકા વસ્તી શહેરી વસ્તી છે. 1,00,000થી વધુ વસ્તી ધરાવતાં કુલ 28 શહેરો છે. શહેરી વિકાસને કારણે વેપાર માટે જરૂરી સુવિધાઓ જેવી કે ઉત્પાદન માટે સસ્તો અને તાલીમી શ્રામ, સંદેશો વ્યવહાર, પરિવહન, ઈન્ટરનેટ કનેકટીવીટી ટેકનોલોજીકલ જ્ઞાન કૌશલ્ય વગેરે આસાનીથી મળી રહે છે. જે ગુજરાતના આંતરિક એટલે કે ભારતનાં અન્ય રાજ્યો સાથેના તેમજ આંતરરાષ્ટ્રીય વેપારને માટે સહાયક બન્યું છે.

★ ગુજરાતના વેપાર વિકાસની સંભાવનાઓ :

ગુજરાતના વેપારને અસર કરતાં પરિબળોનો અભ્યાસ કરતાં જણાય છે કે ગુજરાતમાં વેપારનું પાસું ઘણું મજબૂત છે. આ વેપારથી માત્ર ભારત જ નહિ એશિયા તેમજ વિશ્વમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓને જરૂરી એવી વસ્તુઓ,કાચો માલ, મંત્રો, દૂધ તેમજ ખોરાકની અન્ય વસ્તુઓને સહાયક પર્યાવરણ ઉભું કરવામાં આવે તો કુલ આર્થિક વિકાસ ઘણો જ પ્રવેગી બને. આ માટે કેટલીક સભાવનાઓ જોઈએ તો,

1. દૂધ ઉત્પાદન માટે પશુપાલન વ્યવસાયનો વિકાસ કરવો.
2. દૂધ, અનાજ, શાકભાજી, ફળો વગેરે નાશવંત કૃષિ ઉત્પાદનો માટે કોલ્ડ સ્ટોરેજની તથા વધુને વધુ ફુડ પ્રોસેસિંગ એકમોની સ્થાપના કરવી.
3. નાનાં અસંગઠિત ઉત્પાદન એકમોને સંગઠિત કરવાં.
4. પ્રાથમિક સાક્ષરતા દર ઊંચો લાવવા સાથે કૌશલ્ય આધારિત નિકાસલક્ષી વસ્તુઓનાં ઉત્પાદન માટે તાલીમ આપવી વગેરે જેવાં સૂચનો કહી શકાય.
5. પ્રવાસન, તબીબી સારવાર જેવી સેવાઓની નિકાસ માટે પણ ઘણી સંભાવનાઓ રહેલી છે.

## 14.3 ગુજરાત સરકારની વેપારનીતિ :

વિદ્યાર્થી મિત્રો આપણે જાણીએ છીએ કે વેપારની સફળતા એ કોઈપણ અર્થતંત્રની સફળતા માટેની પહેલી સીડી છે. સ્થાનિક સ્તરે ઉત્પન્ન થતી વસ્તુઓની નિકાસ દ્વારા નિકાસ આવક કમાવી તથા ધંધો રોજગાર ચાલુ રાખવા માટે અત્રે જરૂરિયાતો પૂરી કરવા માટે આયાતો નિયમિત થતી રહે તે જરૂરી છે. આયાતોનું ચૂકવણું પણ નિકાસ આવક માંથી જ થાય છે. અર્થતંત્રની સ્વસ્થતાની નિશાની છે.

આધુનિક સરકાર આર્થિક બાબતોમાં પણ એ રીતે સક્રિય રહે છે કે તે માત્ર રાજયની આવક માટે જ નહિ પરંતુ પ્રજા કલ્યાણ, રોજગાર સર્જન તથા સર્વગ્રાહી આર્થિક વિકાસને મહત્ત્વ આપે છે. ગુજરાત સરકાર પણ લોકતાંત્રિક પધ્ધતિને કારણે આર્થિક વિકાસના હેતુથી પ્રજાની વ્યાપારિક સાહસિક વૃત્તિને સહાયક બને છે. આવો, અહીં આપણે ગુજરાત સરકારની વેપારનીતિનો પરિચય મેળવીએ.

હાલમાં ગુજરાત ભારતની કુલ નિકાસના 25% જેટલો ફાળો આપે છે.(TOI, 6 Jan, 2019) જે વધારીને 2020માં 33% સુધી વધે તેવું લક્ષ્ય છે. આ માટે ઘણાં બિનરાજકોષીય પ્રોત્સાહકો પગલાં સામેની વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે. ગુજરાત સરકાર વેપાર પ્રાત્સાહનની નીતિ તરીકે માત્ર આયાતો નિયમિત જળવાય અને નિકાસ થતી રહે તેટલું જ નથી જોતી. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતનો વેપાર ભારતનાં અન્ય રાજયો સાથે તેમજ વિદેશો સાથે સુદઢ બને તે માટે આંતર માળખાંકીય સુવિધાઓ પૂરી પાડવા ઉપરાંત નિકાસી વસ્તુનાં ઉત્પાદન માટે તાલીમ, કૃષિ નિકાસો સંદર્ભે જમીનનું સર્વેક્ષણ કોલ્ડસ્ટોરેજની સુવિધા, વ્યાપાર મેળાઓ અને પ્રદર્શનો વેપારી એકમો વચ્ચે સંકલન (B2B મીટિંગ ) વગેરે જેવી સુવિધાઓમાં ઘણી જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ગુજરાત સરકાર દ્વારા ચાર સ્તંભ ઉપર આધારિત વ્યૂહરચના ઘડવામાં આવી છે તે પ્રમાણે :

1. નવાં નિકાસ બજારો શોધવાં
2. પરંપરાગત રીતે થતી નિકાસોમાં નવી વસ્તુઓનું ઉમેરણ કરવું.
3. નિકાસ માટેનાં નીતિવિષયક નિયંત્રણો હળવાં કરવાં

નવી વ્યૂહરચના અનુસાર આફ્રિકા, રશિયા, ઈરાન અને લેટિન અમેરિકામાં નિકાસો વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે તથા ડિફેન્સ પ્રોડકટસ, ટેકનિકલ ટેક્સટાઈલ ઈલેકટ્રોનિકલ અને IT સર્વિસની નિકાસનો વધારવાનું લક્ષ્ય રાખવામાં આવેલું છે. મૂલ્યવર્ધનની બાબતે જોઈએ તો ગુજરાત માંથી મગફળીની નિકાસ થાય છે. તે ઉપરાંત માત્ર મગફળી મૂલ્યવર્ધન કરવું એટલે કે મગફળી માંથી બનતા નાસ્તાઓનું ઉત્પાદન કરીને નિકાસ કરવી, આમ કરવાથી રોજગાર સર્જન પણ થાય છે. આમ, ઉપરોકત નવી વ્યૂહરચના ઉપરાંત જે પરંપરાગત પગલાંઓ ગુજરાત સરકારની વેપારનીતિનાં છે તેનો પણ આપણે હવે પરિચય મેળવીએ :

(ક) આંતરમાળખાંકીય સુવિધાઓનો વિકાસ :

આંતરમાળખાંકીય સુવિધા એટલે એવી સુવિધાઓ, કે જે વિકાસને કે કોઈપણ આર્થિક પ્રવૃત્તિને આધાર આપે છે. આ સુવિધાઓના અભાવમાં આર્થિક પ્રવૃત્તિઓ કરી શકાતી નથી. જેમ કે રસ્તાઓ અને પરિવહનમાં અન્ય સાધનોનો વિકાસ, નિયમિત, વીજ પુરવઠો, પાણી, કોલ્ડસ્ટોરેજની સુવિધા વગેરે ગુજરાત સરકાર દ્વારા ઉપરોકત સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. તેમજ તેની જાળવણી પણ કરવામાં આવે છે. ગુજરાતનાં 98% ગામડાંઓ પાકા રસ્તા ધરાવે છે. કુલ રોડ નેટવર્ક 74038 km નું

છે.ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ જેવાં મોટા રેલ્વે જંકશનો ઉપરાંત કુલ 454 રેલ્વે સ્ટેશનો છે. કુલ રેલ નેટવર્ક 5259km નું છે. 2017-18માં રાજ્યની રેલ્વે દ્વારા કુલ 75 MTT જેટલું માલ પરિવહન કરવામાં આવેલું હતું. આગામી યોજના પ્રમાણે રેલ્વે બંદરો સાથે જોડાણ, ઔદ્યોગિક વિસ્તારો સાથે જોડાણ, પ્રવાસન સ્થળો સાથે જોડાણ વગેરેને ધ્યાનમાં રાખવામાં આવેલ છે. ગુજરાત પાસે રીન્યુએબલ એન્ડ નોન રીન્યૂએબલ એમ બંને મળીને કુલ 23973MW ની વીજ ઉત્પાદન ક્ષમતા છે. ગુજરાત ભારતનું સૌથી વધુ એરપોર્ટ ધરાવતું રાજ્ય છે. ગુજરાતમાં બે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, નવ ડોમેસ્ટીક એરપોર્ટ અને ત્રણ મિલિટરી ઉપયોગમાં લેવાતાં એરપોર્ટ છે. તે ઉપરાંત અંકલેશ્વર તેમજ રાજકોટ ખાતે બે એરપોર્ટ અંડર કન્સ્ટ્રકશનની સ્થિતિમાં છે. આ એરપોર્ટનું સંચાલન એરપોર્ટ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, ઈન્ડિયન એરફોર્સ અને ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે છે. ગુજરાતમાં મુન્દ્રા અને મીઠાપુરા ખાતે ખાનગી એરપોર્ટ પણ છે, જે વ્યાપારીક હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

ગુજરાતમાં કુલ 41 દરિયાઈ બંદરો છે, જેમાં 1 મેજર પોર્ટ કંડલા, 29નાનાં બંદરો તથા 11મધ્યવર્તી બંદરો છે. દરિયાઈ બંદરો ઉપરાંત ગુજરાતમાં સુરત, મુન્દ્રા, વીરમગામ તથા રાજકોટ ખાતે ડ્રાય પોર્ટ પણ આવેલાં છે.

(ખ) Special Economics Zones (SEZ) ની સ્થાપના :

સ્પેશિયલ ઈકોનોમિક ઝોન કે વિશેષ આર્થિક વિસ્તારની બાબતમાં ગુજરાત સમગ્ર ભારતમાં અગ્રેસર છે. ગુજરાતમાં કુલ 180SEZ છે, જે ભારતમા કુલ કાર્યરત SEZના 10 ટકા છે, આ SEZ ભારતની કુલ નિકાસમાં 30 ટકા જેટલો ફાળો આપે છે. વર્ષ 2016-17માં ગુજરાતનાં SEZપરથી ભારતનો 5 લાખ કરોડ રૂપિયાનાં મૂલ્યનો માલ નિકાસ થયો હતો. ભારતનું સર્વપ્રથમ Export Processing Zone 1965 માં કંડલા ગુજરાતમાં સ્થાપવામાં આવ્યું હતુ. EPZ હવે Special Economic Zone એટલે કે વિશેષ આર્થિક વિસ્તાર તરીકે ઓળખાય છે.

(ગ) વેપાર મેળાઓ અને પ્રદર્શનો :

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં, દેશમાં તેમજ વિદેશોમાં પણ ગુજરાતનાં ઉત્પાદનોનાં વેચાણ તેમજ નિકાસ માટે વેપાર મેળાઓ અને પ્રદર્શનોનું આયોજન કરવામાં આવે છે. જેમાં ગુજરાતની વસ્તુના ઉત્પાદકો, નિકાસકારો, આયાતકારો, નીતિ નિર્માતાઓ તથા વિચારકો એક છત હેઠળ મળે છે તેમજ નિકાસ પ્રાત્સાહનની દિશામાં આગળ વધે છે. આ પ્રકારના મેળાઓ તેમજ પ્રદર્શનોમાં સૌથી વિશેષ વાઈબ્રન્ટ ગુજરાત સમિત (Vibrunt Gujarat Summit) નો ઉલ્લેખ કરી શકાય, જે વર્ષ 2003 થી દર બે વર્ષ આયોજિત કરવામાં આવે છે.

તાલીમ સંસ્થાઓની સ્થાપના તથા ટૂંકાગાળાની કાર્યશાળાઓ : ગુજરાત સરકાર દ્વારા નિકાસી વસ્તુઓનાં ઉત્પાદન તેમજ નિકાસ માટે તાલીમ મળે તે માટે વિવિધ તાલીમ સંસ્થાઓનું નિર્માણ કરે છે તથા ટૂંકાગાળાની તાલીમોનું આયોજન પણ કરે છે. જેમ કે ઈન્ડિયન ડાયમન્ડ ઈન્સ્ટીટયુટ (IDI) હીરા ઉત્પાદન તેમજ નિકાસ માટે તાલીમ આપતી સંસ્થા છે; તો ખેડૂતોને સુધારેલી ખેત પધ્ધતિ અપનાવવાની તાલીમ પણ આપવામાં આવે છે, જેમ કે તલનાં ઉત્પાદન બાબતની તાલીમ તા. 23/06/2018 ના રોજ કચ્છમાં આપવામાં આવી છે.

(ચ) નિકાસક્ષમતા ધરાવતાં ખેતઉત્પાદનને વધારવા માટે જમીનનો સર્વે કરીને ખૂટતી જરૂરિયાતો પૂરી કરવામાં આવે છે.

આમ, ગુજરાત સરકારની નિકાસ પ્રાત્સાહનની નીતિ જોતાં રાજ્ય સમગ્ર દેશનું વેપાર કેન્દ્ર બનવાની પૂરી ક્ષમતા ધરાવે છે તેમ કહી શકાય, કારણ કે તેના માટે જરૂરી એવું આધારમાળખું પ્રજાની સામસિકતા તથા સરકારની વિકાસાભિમુખ નીતિઓથી ગુજરાતનો માત્ર અન્ય રાજ્યો સાથેનો જ નહિ પરંતુ વિદેશ વ્યાપાર પણ ઘણો વધી શકે તેવી સંભાવનાઓ છે.

## 14.5 સારાંશ :

આ પ્રકરણમાં આપણે જોયું કે,

ગુજરાત ભારત દેશ અને વિશ્વમાં ઘણી બધી વસ્તુઓનાં ઉત્પાદન અને નિકાસમાં મોખરે છે.

- જેમ એન્ડ જવેલરી, કોટન ટેકસટાઇલ, રેડીમેડ ગોરમેન્ટ, એન્જીનીયરીંગ વસ્તુઓ, દવાઓ, રસાયણો વગેરે મુખ્ય નિકાસો છે.
- મગફળી, ડેરી ઉત્પાદનો, મસાલા, તલ, પ્રોસેસ્ડ ફૂડ, શાકભાજી અને ફળો વગેરે નિકાસ થતી મુખ્ય કૃષિ પેદાશો છે.
- ગુજરાતનું મુખ્ય વ્યાપાર સહભાગીં જીછ છે. તે ઉપરાંત એશિયા અને યુરોપના દેશો સાથે પણ વેપાર થાય છે.
- ન્યૂઝ પ્રિન્ટ, સ્ટીલ, મોબાઈલ ફોન અને તેના પાર્ટસ વગેરે ગુજરાતની મુખ્ય આયાતો છે.
- ગુજરાતી પ્રજાની સાહસિકતા, કુદરતી બંદરીય સુવિધા, આંતરમાળખાકીય સુવિધા તથા સરકારની વેપાર વિકાસને પ્રાત્સાહન આપતી નીતિઓને કારણે ગુજરાતનો વેપાર વિકસિત થયો છે.
- વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રે અસંગઠિત નાનાં એકમોનું ઘણું પ્રમાણ વેપાર વિકાસ માટે અવરોધરૂપ બને છે.
- ગુજરાત સરકાર દ્વારા વ્યાપાર મેળાઓનું આયોજન, નાણાકીય ધિરાણની સગવડો, આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ વગેરે દ્વારા સહાયક એવી નીતિઓ ઘડવામાં આવે છે, તે ઉપરાંત નિકાસ થતી વસ્તુઓનાં ઉત્પાદન માટે તાલીમ, ફિલ્ડ સર્વે વગેરે દ્વારા નિકાસ વધારવાના પ્રયત્નો કરવામાં આવે છે.

## 14.6 ચાવીરૂપ શબ્દો :

1. ડ્રાય પોર્ટ : ડ્રાય પોર્ટને ઈન્ગલેન્ડ પોર્ટ પણ કહેવાય છે. સામાન્ય રીતે દરિયાઈ બંદરો સાથે સીધું જોડાણ હોય તેવું રેલ અથવા સડક પરથી થતાં પરિવહનનું કેન્દ્ર એટલે ડ્રાય પોર્ટ. દરિયાઈ બંદરો સાથે જોડાઈને જમીન પરના માલ પરિવહન માટેનું મુખ્ય કેન્દ્ર છે. જે માલ પરિવહન ઉપરાંત ઘણી વખત સંગ્રહ સુવિધા પણ પૂરી પાડે છે. ગુજરાતમાં વિરમગામ, સાણંદ, અમરેલી વગેરે ખાતે ડ્રાય પોર્ટ આવેલાં છે.

2. SEZ (Special Economics zones) : એટલે કે વિશેષ આર્થિક વિસ્તાર કે જયાં નિકાસલક્ષી વસ્તુઓનાં ઉત્પાદન માટે તમામ પ્રકારની માળખાંકીય સુવિધાઓ તથા રાજકોષીય છૂટછાટો જેવી કે કરવેરામાં છૂટછાટ પૂરી પાડવામાં આવે છે. નિકાસ પ્રાત્સાહન ઉપરાંત લેણદેણની તુલામાં સમતુલા, રાજગારી સર્જન વગેરે જેવા હેતુઓ

પણ SEZની સ્થાપના પાછળ હોય છે. અહીં વહીવટી સરળતા, ધિરાણ તથા મજૂર કામદારોમાં પણ સરળતા રખાતી હોય છે.

3. મેજર પોર્ટ (Major Port) અને માઇનોર પોર્ટ ( Minor Port) : એક અર્થ પ્રમાણે જે પોર્ટનો વહીવટ/સંચાલન કેન્દ્રીય શિપિંગ મંત્રાલય હસ્તક હોય તેને મેજર પોર્ટ કહેવામાં આવે છે. કાર્યક્ષમતાની દૃષ્ટિએ બે કે તેથી વધુ બર્થ ફેસિલિટી ધરાવતાં અને દર મહિને 1,00,000 ટન કાર્ગો હેન્ડલિંગની ક્ષમતા ધરાવતાં દરિયાઈ બંદરોને મેજર પોર્ટ કહી શકાય. તેનાથી ઓછી ક્ષમતા ધરાવતાં પોર્ટને Minor Port કહી શકાય.

4. Intermediate Port ( મધ્યવર્તી બંદરો) : આ એવાં બંદરો છે કે જયાં વહાણો માલનો જથ્થો લેવા અથવા ઉતારવા ઇંધણ ભરાવવા કે રિપેરિંગ કાર્ય માટે થોભતાં હોય છે.

**5.** આંતરમાળખાકીય સુવિધાઓ : આંતરમાળખાકીય સુવિધાઓ એટલે એવી સુવિધાઓ કે જેના વિના આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ સંભવી શકે નહીં. જેટલું મહત્વ માનવ શરીરમાં હાડકાંઓનાં માળખાંનું હોય છે તેટલું જ મહત્વ અર્થતંત્રમાં આંતરમાળખાકીય સુવિધાઓનું હોય છે. આ સુવિધાઓ અર્થતંત્રને આધાર આપે છે. વીજળી, પુરવઠો, પાણી, પરિવહન, અને સંદેશા વ્યવહાર શિક્ષણ અને સ્વાસ્થ્ય સુવિધાઓ વગેરે આંતર માળખાકીય સુવિધાઓ છે.

## 14.7 તમારી પ્રગતિ ચકાસો :

(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.

1. ગુજરાતના વેપારનું કદ, બંધારણ અને દિશા વર્ણવો.
2. ગુજરાતમાં વેપારના વિકાસને અસર કરતાં પરિબળો લખો તથા વેપારના વિકાસ માટે ગુજરાત સરકારની નીતિ કેવી છે તે લખો.
3. ગુજરાતની આયાતો અને નિકાસો વિશે જણાવો. વેપારના વિકાસની સંભાવનાઓ લખો.

(ખ) આપેલા વિષય પર ટૂંકનોંધ લખો.

1. ગુજરાતના વેપારને અસર કરતાં પરિબળો.
2. ગુજરાત સરકારની વેપાર નીતિ.

(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

1. ગુજરાતની કુલ નિકાસો માંથી મોટાભાગની નિકાસો -------- દેશમાં થાય છે. (યુ.એસ., બાંગ્લાદેશ, ઓસ્ટ્રેલિયા)
2. ---------- ગુજરાતનું મુખ્ય બંદર છે.
   (મુન્દ્રા, કંડલા, અમદાવાદ)
3. ગુજરાતમાં કુલ --------જેટલાં SEZછે.
   (22, 5, 47)
4. ગુજરાતમાં સૌ પ્રથમ જીઈઢ -----------માં સ્થાપવામાં આવ્યું.
   (કંડલા, મુન્દ્રા, સુરત)

5. વર્ષ 2018ની માહિતી પ્રમાણે ગુજરાતમાં વિશ્વનું કુલ ----------દૂધ ઉત્પાદન થાય છે. (30%, 80%, 55%)
6. વર્ષ ------માં સૌ પ્રથમ વખત વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવેલ હતું. (2001, 2003,2011)
7. -----------ગુજરાતમાં આયાત થતી મુખ્ય વસ્તુ છે.
( દૂધ, દવાઓ, ન્યૂઝ પેપર)
8. ગુજરાતમાં કુલ -----------જેટલાં બંદરો આવેલાં છે.
(42, 47, 1)
9. ગુજરાતમાં કુલ -------------% ગામડાંઓ પાકા રસ્તા ધરાવે છે.
( 50%, 98%, 20%)
10. જાન્યુઆરી 2019ની માહિતી પ્રમાણે ગુજરાત ભારતની કુલ નિકાસોના --------------% જેટલો હિસ્સો ધરાવે છે. (50, 10, 25)
11. ગુજરાત સરકારની નવી આર્થિક નીતિ પ્રમાણે ---------વસ્તુઓની નિકાસને મહત્વ આપવાનું નક્કી થયું છે. ( પ્રાથમિક, મૂલ્યવર્ધિત તૈયાર, આયાતી)
12. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સૌ પ્રથમ વખત વર્ષ ----------માં આયાજિત થઈ હતી. (2001, 1991, 2003)

★ ખાલી જગ્યા પૂરોના જવાબો

1. યુ.એસ., 2. કંડલા, 3. 47, 4. કંડલા, 5. 55%, 6. 2003, 7. ન્યૂઝ પેપર
8. 42, 9. 98%, 10. 25, 11. મૂલ્યવર્ધિત તૈયાર, 12. 2003

## 14.8 સંદર્ભ વાચન :


1) https://timesofindia.indiatimes.com/city/ahmedabad/state-to-revise-its-export-promotion-strategy/articleshow/59150418.cms
2) https://www.ibef.org/states/gujarat.aspx
3) https://www.seair.co.in/gujarat-export-data.aspx
4) https://www.deendayalport.gov.in/Pdf/ 10Oct2019032103PM.pdf
5) http://www.gidb.org/port-statistical-data-of-the-sector
6) https://ic.gujarat.gov.in/sez-government-of-gujarat.aspx
7) https://unemploymentinindia.cmie.com/
8) http://www.rnbgujarat.org/about-us/achievements.aspx 16-4-2020
9) http://www.sezindia.nic.in/
10) સામાજિક આર્થિક સમીક્ષા 2019-2020, ગુજરાત રાજ્ય, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયમકની કચેરી( ફેબ્રુઆરી 2020), ગાંધીનગર, ગુજરાત.